# ધોરણ - 4 ગુજરાતી

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| **G401 શબ્દ અને વાક્યોનું સંકેતીકરણ કરી શકે છે.**<br>✦ શબ્દ-શબ્દ વચ્ચેની જગ્યા પારખે છે.<br>✦ વાક્યોમાં વિરામચિહ્નો પારખે છે.<br>✦ શબ્દો, વાક્યો, પરિચ્છેદનું શ્રુતલેખન કરે છે.<br>✦ વર્ણ અને તેની સાથે આવતા સ્વરચિહ્નનું કદ સુસંગત રીતે લખે છે.<br>✦ જોડાક્ષરોનું શ્રવણ, વાચન, લેખન સ્પષ્ટ રીતે કરે છે.<br>✦ ગતિપૂર્વક વાક્યનું લેખન કરે છે. | બધા વિદ્યાર્થીઓને (સક્ષમ બાળકો સહિત) વ્યક્તિગત અને સામૂહિક રીતે કાર્ય કરવાની તકો અને પ્રોત્સાહન પૂરાં પાડવામાં આવે કે જેથી વિવિધ વિષયો, પરિસ્થિતિઓ, પ્રસંગો, અનુભવો, વાર્તાઓ, કવિતાઓ વગેરેને પોતાની ભાષામાં કહેવાનો, સંભળાવવાનો, પ્રશ્ન પૂછવાનો અને પોતાની વાત જોડવાની તક ઉપલબ્ધ થાય.<br>વાચન કોર્નર-પુસ્તકાલયમાં સ્તરાનુસાર વિવિધ પ્રકારની વિભિન્ન રોચક સામગ્રી જેવી કે બાળ સાહિત્ય, બાળપત્રિકાઓ, પોસ્ટર, ઓડિયો-વીડિયો સામગ્રી, વર્તમાનપત્ર(છાપું) વગેરે પ્રાપ્ત થાય.<br>જુદી-જુદી વાર્તાઓ, કવિતાઓ, પોસ્ટર વગેરેને વાંચીને સમજવામાં-સમજાવવામાં તેને વિશે પોતાની પ્રતિક્રિયા આપવા, વાતચીત કરવા અને પ્રશ્ન પૂછવાની તક પ્રાપ્ત થાય. |
| **G402 શબ્દો અને વાક્યોનું શબ્દીકરણ કરી શકે છે.**<br>✦ યોગ્ય જગ્યા છોડી વિરામચિહ્નોનો ઉપયોગ કરી લખે છે.<br>✦ શબ્દો મોટેથી વાંચે છે.<br>✦ વાક્યો મોટેથી વાંચે છે.<br>✦ ચારથી પાંચ ધ્વનિવાળા શબ્દોને અર્થ સાથે પ્રયોજન કરે છે.<br>✦ વાક્યનું વાચન પ્રવાહિતાથી કરે છે. | વિવિધ હેતુઓને ધ્યાનમાં રાખીને વાંચવાના/ભણવાના વિભિન્ન આયામોને ધોરણમાં યોગ્ય સ્થાન આપવાના પ્રસંગો પ્રાપ્ત કરાવવામાં આવે. જેમ કે, કોઈ ઘટના યા પાત્રના અનુસંધાનમાં પોતાની પ્રતિક્રિયા, પ્રતિભાવ, તર્ક આપવો કે વિશ્લેષણ રજૂ કરવું વગેરે. |
| **G403 કથનાત્મક લખાણ સાંભળી/વાંચીને સમજે છે.**<br>✦ કથનાત્મક લખાણમાંથી વિગતો શોધે છે.<br>✦ કથનાત્મક લખાણમાંથી વિગતો વચ્ચે સંબંધો સમજે છે.<br>✦ કથનાત્મક લખાણમાંથી વિગતોનો ઉપયોગ કરે છે. | વાર્તા-કવિતા વગેરેને બોલીને/વાંચીને/સંભળાવીને અને સાંભળેલી, જોએલી, વાંચેલી વાતોને પોતાની રીતે પોતાની ભાષાશૈલીમાં કહેવાની અને લખવાની (ભાષાકીય અને સાંકેતિક માધ્યમો) પ્રસંગો અને પ્રોત્સાહન પ્રાપ્ત થાય. |

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
| --- | --- |
| ✦ કથનાત્મક લખાણને આધારે સર્જન કરે છે.<br>✦ કથનાત્મક (વાર્તા/પ્રસંગ) લખાણના આનુષંગિક જોડાણવાળાં ત્રણથી ચાર વાક્યોનું સંયોજિત શ્રવણ કરે છે.<br>✦ આનુષંગિક જોડાણવાળાં ત્રણથી ચાર વાક્યોના શ્રવણને આધારે શબ્દો/શબ્દ સમૂહો બોલી બતાવે છે.<br>✦ કથનાત્મક લખાણના શ્રવણ પરથી મુખ્ય બાબતો ઓળખાવે છે.<br>✦ બે વાર શ્રવણ કર્યા બાદ માહિતીના તથા માહિતી વિશેના સાદા સંબંધો વિશેના પ્રશ્નોના ઉત્તર આપે છે.<br>✦ આઠ શબ્દો સુધીનાં વાક્યોનું શ્રુતલેખન કરે છે.<br>✦ શ્રવણ બાદ કથનાત્મક વિગત (વાર્તા/ ઘટના/ પ્રસંગ) સંક્ષિપ્તમાં પોતાના શબ્દોમાં રજૂ કરે છે. | જરૂરિયાત અને સંદર્ભ અનુસાર પોતાની ભાષા ભણવા (નવા શબ્દો, વાક્યો, અભિવ્યક્તિ રચવામાં) અને તેનો ઉપયોગ કરવાનો અવસર પ્રાપ્ત થાય.<br>એકબીજા દ્વારા લખવામાં આવેલી રચનાઓને સાંભળવામાં - વાંચવામાં અને તેના પર પોતાનો પ્રતિભાવ આપવા, તેમાં પોતાની વાત જોડવા, ઉમેરવા અને અલગ અલગ રીતે લખવાના અવસર પ્રાપ્ત થાય.<br>પોતાની વાતને પોતાની રીતે સર્જનાત્મક રીતે અભિવ્યક્ત (મૌખિક, લેખિત, સાંકેતિક ક્રમથી) કરવાની સ્વતંત્રતા હોય. આજુબાજુ થનારી પ્રવૃત્તિઓ, પ્રસંગો (જેમ કે મારા ઘરની છત ઉપર સૂરજ કેમ નથી દેખાતો?, સામેવાળા વૃક્ષ ઉપર બેસનારું પક્ષી ક્યાં ઊડી ગયું?) સંબંધિત પ્રશ્નો પૂછવા, સહપાઠીઓ સાથે વાતચીત અથવા ચર્ચા કરવાની તક પ્રાપ્ત થાય.<br>✦ વર્ગખંડમાં પોતાના મિત્રોની ભાષાઓ (મિત્રો દ્વારા બોલાતી ભાષા-બોલી) પર ધ્યાન આપવાની તક પ્રાપ્ત થાય. જેમ કે, કેરી, રોટલી વગેરે શબ્દોને પોતેપોતાની ભાષામાં કહેવા દેવાની તક પ્રાપ્ત થવા દેવી.<br>✦ વિષયવસ્તુના સંદર્ભમાં ભાષાની સૂક્ષ્મતાઓ અને તેની નિયમબદ્ધ પ્રકૃતિને સમજવા અને તેનો પ્રયોગ કરવાનો અવસર પ્રાપ્ત થાય.<br>✦ બીજા વિષયો, વ્યવસાયો, કળાઓ વગેરે (જેમ કે ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, નૃત્યકળા, ચિકિત્સા વગેરે)માં ઉપયોગમાં લેવાનારી શબ્દાવલિને સમજવા |
| **G404 કાવ્યાત્મક લખાણ વાંચીને સમજે છે.**<br>✦ કાવ્યાત્મક લખાણમાંથી વિગતો શોધે છે.<br>✦ કાવ્યાત્મક લખાણમાંથી વિગતો વચ્ચે સંબંધો સમજે છે.<br>✦ કાવ્યાત્મક લખાણને આધારે સર્જન કરે છે.<br>✦ આનુષંગિક જોડાણવાળાં ત્રણથી ચાર વાક્યોનાં શ્રવણને આધારે શબ્દો/શબ્દસમૂહો બોલી બતાવે છે.<br>✦ કાવ્યાત્મક શ્રવણ પરથી મુખ્ય બાબતો ઓળખાવે છે. | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| ✦ શ્રવણ (બે વખત) કર્યા બાદ માહિતીના તથા માહિતી વિશેના સાદા સંબંધો વિશેના પ્રશ્નોના ઉત્તર આપે છે.<br>✦ શ્રવણ બાદ કાવ્યાત્મક વિગત (વાર્તા/ઘટના/ પ્રસંગ) સંક્ષિપ્તમાં પોતાના શબ્દોમાં રજૂ કરે છે.<br>✦ કાવ્યાત્મક લખાણના આનુષંગિક જોડાણવાળાં ત્રણથી ચાર વાક્યોનું સંયોજિત શ્રવણ કરે છે. | અને તેનો સંદર્ભ અને સ્થિતિને અનુસાર ઉપયોગ કરવાની તક પ્રાપ્ત થાય.<br>✦ પાઠયપુસ્તક અને તેમાંથી ઇતર સામગ્રીમાં સામેલ પ્રાકૃતિક, સામાજિક અને અન્ય સંવેદનશીલ બિંદુઓને સમજવા અને તેને વિશે ચર્ચા કરવાના અવસર પ્રાપ્ત થાય. |
| **G405 કથનાત્મક લખાણનું વાચન-અર્થગ્રહણ કરે છે.**<br>✦ કથનાત્મક લખાણમાંથી વિગતો શોધે છે.<br>✦ કથનાત્મક લખાણમાંથી વિગતો વચ્ચે સંબંધો સમજે છે.<br>✦ કથનાત્મક લખાણમાંથી વિગતોનો ઉપયોગ કરે છે.<br>✦ કથનાત્મક લખાણનું વિશ્લેષણ કરે છે.<br>✦ કથનાત્મક લખાણના આધારે સર્જન કરે છે.<br>✦ પ્રવાહી રીતે મુખવાચન કરે છે.<br>✦ દસેક વાક્યોના પરિચ્છેદનું મુખવાચન કરે છે.<br>✦ નાટયાત્મક વાચન કરે છે.<br>✦ વાચન સામગ્રીમાંથી તથ્યાત્મક તથા તર્કલક્ષી પ્રશ્નોના ઉત્તર શોધે છે.<br>✦ જૂથ કે જોડીમાં એક પરિચ્છેદનું વાચન કરી નવા શબ્દોના અર્થ તથા વાક્યાર્થનું અનુલેખન કરે છે. | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| ✦ ઇતર વાચન કરે છે. (પાઠ્યપુસ્તકમાં દર બે પાઠ પછી આપવું કે પુસ્તકાલયનો ઉપયોગ)<br>✦ વાચન સામગ્રીમાંની ભાવાત્મક અભિવ્યક્તિઓને ઓળખે અને તે વિશે પોતાના પ્રતિભાવ વ્યક્ત કરે છે. | |
| **G406 માહિતીલક્ષી લખાણ લખી/કરી શકે છે.**<br>✦ માહિતીલક્ષી લખાણમાંથી વિગતો શોધે છે.<br>✦ માહિતીલક્ષી લખાણમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે છે.<br>✦ માહિતીલક્ષી લખાણની વિગતોનો ઉપયોગ કરે છે.<br>✦ માહિતીલક્ષી લખાણનું વિશ્લેષણ કરે છે.<br>✦ માહિતીલક્ષી લખાણને આધારે સર્જન કરે છે.<br>✦ પ્રવાહી રીતે મુખવાચન કરે છે.<br>✦ દસેક વાક્ય સુધીના પરિચ્છેદનું વાચન કરે છે.<br>✦ નાટ્યાત્મક વાચન કરે છે.<br>✦ વાચન સામગ્રીમાંથી તથ્યાત્મક અને તર્કલક્ષી પ્રશ્નોના ઉત્તરો શોધે છે.<br>✦ જૂથ/જોડીમાં એક પરિચ્છેદનું વાચન કરી નવા શબ્દોના અર્થ તથા વાક્યોના અર્થનું અનુલેખન કરે છે. (પૂરક વાચન + મૂળ પાઠ)<br>✦ ઇતર વાચન કરે છે. (પાઠ્યપુસ્તકમાં દર બે પાઠ પછી આપવું + પુસ્તકાલયનો ઉપયોગ) | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
| --- | --- |
| ✦ વાચન સામગ્રીમાંની ભાવાત્મક અભિવ્યક્તિને ઓળખે અને તે વિશે પોતાના પ્રતિભાવ વ્યક્ત કરે છે.. | |
| **G407 વર્ણનાત્મક લખાણ વાંચી શકે છે અને સમજી શકે છે.**<br>✦ વર્ણનાત્મક લખાણમાંથી વિગત શોધે છે.<br>✦ વર્ણનાત્મક લખાણમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે છે.<br>✦ વર્ણનાત્મક લખાણની વિગતોનો ઉપયોગ કરે છે.<br>✦ વર્ણનાત્મક લખાણનું વિશ્લેષણ કરે છે.<br>✦ વર્ણનાત્મક લખાણને આધારે સર્જન કરે છે.<br>✦ પ્રવાહી રીતે મુખવાચન કરે છે.<br>✦ દસેક વાક્યોના પરિચ્છેદનું મુખવાચન કરે છે.<br>✦ નાટયાત્મક વાચન કરે છે.<br>✦ વાચન સામગ્રીમાંથી તથ્યાત્મક અને તર્કલક્ષી પ્રશ્નોના ઉત્તરો શોધે છે.<br>✦ જૂથ કે જોડીમાં એક પરિચ્છેદનું વાચન કરી નવા શબ્દોના અર્થ તથા વાક્યોના અર્થનું અનુલેખન કરે છે. (પૂરક વાચન + મૂળ પાઠ)<br>✦ ઇતર વાચન કરે છે. પાઠયપુસ્તકમાં દર બે પાઠ પછી આપવું + પુસ્તકાલયનો ઉપયોગ<br>✦ વાચન સામગ્રીમાંની અભિવ્યક્તિઓને ઓળખે અને તે વિશે પોતાના પ્રતિભાવ વ્યક્ત કરે છે. | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
| --- | --- |
| **G408 કાવ્યાત્મક લખાણને વાંચે, માણે અને સમજે છે.**<br>✦ કાવ્યાત્મક લખાણમાંથી વિગતો શોધે છે.<br>✦ કાવ્યાત્મક લખાણમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે છે.<br>✦ કાવ્યાત્મક લખાણની વિગતોનો ઉપયોગ કરે છે.<br>✦ કાવ્યાત્મક લખાણનું વિશ્લેષણ કરે છે.<br>✦ કાવ્યાત્મક લખાણને આધારે સર્જન કરે છે.<br>✦ પ્રવાહી રીતે મુખવાચન કરે છે.<br>✦ નાટયાત્મક વાચન કરે છે.<br>✦ વાચન સામગ્રીમાંથી તથ્યાત્મક અને તર્કલક્ષી પ્રશ્નોના ઉત્તરો શોધે છે.<br>✦ જૂથ/જોડીમાં એક પરિચ્છેદનું વાચન કરી નવા શબ્દોના અર્થ તથા વાક્યાર્થનું અનુલેખણ કરે છે. (મૂળ પાઠ + પૂરક વાચન)<br>✦ ઇતર વાચન કરે છે. (પાઠયપુસ્તકમાં દર બે પાઠ પછી આપવું + પુસ્તકાલયનો ઉપયોગ)<br>✦ વાચન સામગ્રીમાંના ભાવાત્મક અભિવ્યક્તિઓને ઓળખે અને તે વિશે પોતાના પ્રતિભાવ વ્યક્ત કરે છે. | |
| **G409 પ્રકીર્ણ લખાણ, છૂટાછવાયા, જાહેરાત બોર્ડ વગેરે લખાણને વાંચીને સમજી શકે છે.**<br>✦ પ્રકીર્ણ લખાણમાંથી વિગતો શોધે છે. | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| ✦ પ્રકીર્ણ લખાણમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે છે.<br>✦ પ્રકીર્ણ લખાણની વિગતોનો ઉપયોગ કરે છે.<br>✦ પ્રકીર્ણ લખાણનું વિશ્લેષણ કરે છે.<br>✦ પ્રકીર્ણ લખાણને આધારે સર્જન કરે છે. | |
| **G410 મૌખિક અભિવ્યક્તિ કરી શકે છે.**<br>✦ પરિચિત પ્રસંગો, સ્થળ અને વ્યક્તિનું વર્ણન કરે છે.<br>✦ આરોહ/અવરોહ સાથે અભિનય સાથે વાર્તા રજૂ કરે છે.<br>✦ વાર્તા પરથી નાટયીકરણ કરે છે.<br>✦ પરિચિત પરિસ્થિતિ અંગે સંવાદ રજૂ કરે છે.<br>✦ દૃશ્યાત્મક વિગતોને મૌખિક રીતે રજૂ કરે છે.<br>✦ મૌખિક સ્વરૂપે પ્રતિભાવો તથા વિષયવસ્તુના મુખ્ય મુદ્દા રજૂ કરે, અભિપ્રાય આપે છે.<br>✦ પોતાના પ્રદેશ વિશેષની,ઘરમાં બોલારી ભાષાનો ઉપયોગ કરી શ્રવણ-વાચન કે ચિત્ર આધારિત વર્ણનો કરે અને વાર્તા રચના મૌખિક સ્વરૂપ ે રજૂ કરે છે.<br>✦ વાર્તા / કાવ્યને નાટયસંવાદમાં રૂપાંતરણ કરે, અભિનય રજૂ કરે છે.<br>✦ પ્રવાહી શૈલીમાં વાર્તાકથન કરે છે.<br>✦ વ્યક્તિગત તથા જૂથ કે સમૂહમાં કાવ્યગાન કરે છે. | |
| **G411 મૌખિક અભિવ્યક્તિ કરી શકે છે.** | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| ✦ પરિચિત પ્રસંગો, સ્થળ અને વ્યક્તિનું વર્ણન કરે છે.<br>✦ આરોહ/અવરોહ સાથે અભિનય સાથે વાર્તા રજૂ કરે છે.<br>✦ વાર્તા પરથી નાટચીકરણ કરે છે.<br>✦ પરિચિત પરિસ્થિતિ અંગે સંવાદ રજૂ કરે છે.<br>✦ દૃશ્યાત્મક વિગતોને મૌખિક રીતે રજૂ કરે છે.<br>✦ મૌખિક સ્વરૂપે પ્રતિભાવો તથા વિષયવસ્તુના મુખ્ય મુદ્દા રજૂ કરે, અભિપ્રાય આપે છે.<br>✦ પોતાના પ્રદેશ વિશેષની,ઘરમાં બોલારી ભાષાનો ઉપયોગ કરી શ્રવણ-વાચન કે ચિત્ર આધારિત વર્ણનો કરે અને વાર્તા રચના મૌખિક સ્વરૂપે રજૂ કરે છે.<br>✦ વાર્તા / કાવ્યને નાટયસંવાદમાં રૂપાંતરણ કરે, અભિનય રજૂ કરે છે.<br>✦ પ્રવાહી શૈલીમાં વાર્તાકથન કરે છે.<br>✦ વ્યક્તિગત તથા જૂથ કે સમૂહમાં કાવ્યગાન કરે છે. | |
| **G412 લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.**<br>✦ આપેલા શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવે છે.<br>✦ ચિત્રનું વર્ણન સાત-આઠ વાક્યોમાં કરે છે.<br>✦ વાર્તા, કાવ્ય, ગીત સાંભળી / વાંચી તેના અંશોનું લેખન કરે છે.<br>✦ દૃશ્યાત્મક વિગતોને લેખિત સ્વરૂપમાં રજૂ કરે છે.<br>✦ લેખિત સ્વરૂપે પ્રતિભાવો તથા વિષયવસ્તુના મુખ્ય મુદ્દા રજૂ કરે, અભિપ્રાય આપે | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| છે.<br>✦ કથા / કાવ્ય રચનાઓને આધારે કાલ્પનિક ઉમેરણ કરે છે.<br>✦ પોતાના પ્રદેશ વિશેષની ઘરમાં બોલાતી ભાષાનો ઉપયોગ કરી શ્રવણ-વાચન કે ચિત્ર આધારિત વર્ણનો કરે અને વાર્તા રચના લેખિત સ્વરૂપમાં રજૂ કરે છે.<br>✦ આપેલા શબ્દો, શબ્દસમૂહો જોડીને વાક્ય / પરિચ્છેદ કે વાર્તાની રચના કરે છે. | |
| **G413 નામ ઓળખાવ્યા વિના વ્યાકરણનાં ઘટકો ઓળખે છે અને પ્રયોજે છે.**<br>✦ સર્વનામ, વિશેષણ, આજ્ઞા, વિનંતી, સૂચના, સ્થળ અને સમયવાચક અવ્યય(વચ્ચે, ઉપર, નીચે, આગળ, પાછળ, અંદર, બહાર, પછી, અત્યારે, પહેલા) પુનરાવર્તિત પ્રયોગ(રમતાં રમતાં) સંયોજકો(અને, કે, એટલે, તેમ છતાં, તોય)નો ઉપયોગ કરે છે.<br>✦ શક્યતા અને ભારવાચક વાક્યરચનાઓ ઓળખાવે અને પરિસ્થિતિના સંદર્ભમાં તેમનો ઉપયોગ કરે છે.<br>✦ અવ્યયો, સંયોજકો - પણ, પરંતુ,તેથી, અથવા, કેમ કે - નો યોગ્ય-અયોગ્ય ઉપયોગ ઓળખાવે અને પરિસ્થિતિના સંદર્ભમાં તેમનો ઉપયોગ કરે છે.<br>✦ સજીવ-નિર્જીવની જાતિ ઓળખાવે, લિંગ અનુસાર ક્રિયાપદ અને વિશેષણનો ઉપયોગ કરી વાક્ય રચે છે.<br>✦ વાક્ય સંરચનાનાં જુદાં-જુદાં પાસાં ઓળખાવે અને તેમનો ઉપયોગ કરે છે.(શબ્દ ઉમેરી વાક્ય પૂરું કરવું, આડાઅવળા આઠેક શબ્દો ગોઠવી યોગ્ય વાક્ય બનાવવું, | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| મિશ્ર થયેલાં બે વાક્યો છૂટાં પાડવાં વગેરે.)<br>✦ વિધાન વાક્ય, પ્રશ્નવાક્ય(પ્રશ્નનાર્થ પ્રત્યય સહિત) અને ઉદ્ગાર વાક્ય ઓળખે અને ઉપયોગ કરે છે.<br>✦ વર્તમાન, ભૂત અને ભવિષ્યસૂચક વાક્યો ઓળખાવે છે અને પરિસ્થિતિ અનુસાર ઉપયોગ કરે છે.<br>✦ મૂળક્રિયા પરથી કાળ અનુસાર ક્રિયાપદની રચના કરે છે.<br>✦ પાડેલાં નામ(વ્યક્તિવાચક) અને સમૂહવાચક ઓળખે છે.<br>✦ અક્ષરોમાંના હ્રસ્વ અને દીર્ઘ સ્વરચિહ્નો ઓળખાવે છે.<br>✦ 'શ' અને 'સ'નો ઉચ્ચાર ભેદ પારખે અને પ્રયોજે છે.<br>✦ જોડાક્ષર અને સંયુક્તાક્ષરનું શ્રવણ, કથન, વાચન, લેખન સ્પષ્ટ રીતે કરે છે.<br>✦ લાંબા શબ્દો(વર્ણ સંખ્યા 5 કે 6)ના વર્ણો ઓળખાવે છે. તે શબ્દોનું શ્રવણ, કથન વાચન, લેખન સ્પષ્ટ રીતે કરે છે.<br>✦ આપેલ ઘટના/પ્રસંગ/વાર્તા કે સંવાદની પછીની ઘટના/પ્રસંગ/વાર્તા કે સંવાદની ધારણા કરે છે. | |
| **G414 પરિચિત શબ્દોને ઓળખી શકે છે.**<br>✦ પરિચિત શબ્દો શોધે છે.<br>✦ સમાનાર્થી શબ્દો શોધે છે.<br>✦ વિરુદ્ધાર્થી શબ્દો ઓળખાવે છે. | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| ✦ આપેલા શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવે છે. | |
| **G415 નવા શબ્દોના અર્થની ધારણા કરે છે અને નવા શબ્દો બનાવે છે.**<br>✦ શબ્દનું રૂપાંતર કરી અન્ય શબ્દ બનાવે છે.<br>✦ નવા શબ્દો શોધે છે.<br>✦ નવા શબ્દોના અર્થની ધારણા કરે છે.<br>✦ શબ્દના અર્થ તારવે છે. | |
| **G416 ભાવાત્મક સમાવેશન(Affective Development) કરી શકે છે.**<br>✦ ભાવાત્મક સંકેતો ઓળખાવે છે.<br>✦ ભાવાત્મક પ્રતિભાવ આપે છે.<br>✦ ભાવાત્મક વલણ દર્શાવે છે.<br>✦ વાર્તા, કાવ્ય, પ્રસંગ, ચિત્રોમાં પ્રગટ થતા ભાવ ગ્રહણ કરે છે.<br>✦ ભાવાત્મક પ્રતિભાવ શબ્દો, હાવભાવ કે સંકેતો દ્વારા પ્રગટ કરે છે.<br>✦ ભાવાત્મક અભિવ્યક્તિ માટેનું શબ્દભંડોળ રચે છે.<br>✦ પોતાના અનુભવો સાથે ભાવાત્મક ઘટના / પાત્રોનું અનુસંધાન કરે છે. | |
| **G417 મનોશારીરિક પ્રવૃત્તિઓ કરી શકે છે.**<br>✦ સુલેખન કરે છે.<br>✦ કલાત્મક અક્ષરાંકન કરે છે.<br>✦ લયાત્મક કાવ્યાગાન કરે છે. | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| ✦ સાભિનય કાવ્યગાન કરે છે.<br>✦ પઠન તથા ગાન માટે શ્વાસનિયમન કરે છે.<br>✦ કથા - કાવ્ય - વર્ણનના આધારે ચિત્રીકરણ કરે છે.<br>✦ ટંગટ્વિસ્ટર(જીભતોડ) વાક્યો બોલે છે.<br>✦ મનોશારીરિક કેળવણીની રમતો રમે છે | |

DRAFT